# દિવડા ઘટ્યા - એલઈડી બલ્બ વધ્યા



ગાંધીનગર, તા.૨૦
દિવાળીના પાવન પર્વોનો પ્રારંભ થયો છે. તારીખ ૨૧ને શુક્રવારે દિવાળી પર્વની શરૂઆત રમા એકાદશીથી થાયછે. આ દિવસે બે તિથિ છે. અગિયારસની સાથે વાઘબારસ પણ છે. ૨૨ ઓક્ટોબરે ધનતેરસે લક્ષ્મી ધન્વંતરી પૂજન કરવામાં આવશે. ૨૩ ઓક્ટોબરે કાળી ચૌદશ અને ૨૪ ઓક્ટોબરે દિવાળી છે. દિવાળીના બીજા જ દિવસે એટલે કે ૨૫ ઓક્ટોબરે સૂર્યગ્રહણ અને એકમનો ક્ષય રહેશે. રમા એકાદશીથી લઈને દેવ દિવાળી સુધીનો સમયગાળો ઉત્સવનો બની રહેશે. આ વખતે ધનતેરસનો તહેવાર ૨૭

## રોશની માટે સીરીઝની ખરીદી વધી પણ દિવડાની દિવ્યતા અલગ જ છે

વર્ષ પછી ૨૨ અને ૨૩ ઓકટોબરના બે દિવસ ઉજવવામાં આવશે. સોમવારે ૨૪મીએ દિવાળી પર્વ મનાવવામાં આવશે. જેમાં ચોપડાપૂજન માટે સાંજે ૫.૩૦ થી ૮.૩૦ તેમજ રાત્રે ૧૧ થી ૧૨ સુધી શુભ તમે ૬ થી ૭ કલાક સુધી સતત ચાલુ રાખી શકો છો. આ પછી તેની બેટરીના સેલ રિપ્લેસ કરી તેનો પુનઃ ઉપયોગ પણ કરી શકો છો. દિવડાઓનું સ્થાન એક તબક્કે મિણબત્તીઓએ લીધુ હતુ, પરંતુ તેમાંય આ વખતે ભાવ વધારો જોવા મળી રહ્યો હોવાથી હવે આ અવનવા સેમ્પલો જે બજારમાં આવ્યા છે તેની ખરીદી તરફ લોકો વધુ વળ્યા હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે. પરંતુ દિવડાઓની દિવ્યતા અલગ જ છે.

# સે.૨૪ના માર્કેટમાં ગેરકાયદેસર ફટાકડાંની લારીઓની ભરમાર..!!

## ટ્રાફિક જામની સમસ્યા સાથે ભારે દુર્ઘટનાનું તોળાતું જોખમ..!!!



ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે શાક માર્કેટ અને તેની આસપાસનું બજાર સામાન્ય અનર મધ્યમ વર્ગ માટે કિફાયતી ખરીદી માટે મહત્વનું સ્થળ છે. અત્યારે દિવાળી સમયે આ વિસ્તારમાં ગ્રાહકોની ભારે ભીડ રહે છે અને આર્ય સમાજ સામેના માર્ગ પર ફટાકડા બજારના સ્ટોલ પણ લાગે છે. જોકે આ માર્ગ પર ગેરકાયદેસર ફટાકડાંની લારીઓનો રાફડો ફાટ્યો છે જેના કારણે રોડ પર જ ટ્રાફિક જામ અને ભીડભાડનો માહોલ સર્જાતા શાક માર્કેટ પણ દેખાતું બંધ થઈ જાય છે. ફટાકડાંની ગેરકાયદેસર લારીઓના કારણે કોઈ દુર્ઘટના સર્જાઇ શકે તેવી સ્થિતિનું નિર્માણ થાય છે અને ફટાકડાંના કારણે આગ કે તેવી કોઈ અન્ય દુર્ઘટના સર્જાય તો ના તો ફાયર બ્રિગેડ કે ના એમ્બ્યુલન્સ ત્યાં સુધી જઈ શકે અને ભાગદોડીમાં જ અનેક જાનહાનિ થઈ શકે તેવું જોખમ વર્તાઈ રહ્યું છે ત્યારે સત્વરે વહીવટીતંત્રએ પગલાં લઈને ગેરકાયદેસર દબાણોને હટાવવા જરૂરી બન્યું છે.

# બહીયલની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમની માનવતા સાથે પ્રમાણિકતા

## અકસ્માતમાં ઇજાગ્રસ્ત યુવક પાસેથી મળેલાં રૂ.૨.૨૯ લાખની રોકડ રકમ પોલીસને સોંપી

ગાંધીનગર, તા.૨૦
દહેગામ તાલુકાના કડાદરા પાસે રાયપુર કેનાલ નજીક બેફામ જીપ ડાલાની ટક્કરથી ટુ વ્હીલર ઉપર જતા બે યુવકો જમીન ઉપર ફંગોળાયા હતા અને જેમાં એક યુવકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ઘાયલ યુવકને સારવાર માટે ૧૦૮ મારફતે અમદાવાદ સિવિલમાં ખસેડવામા આવ્યો હતો. દહેગામ લોકેશનની બહીયલ ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી અને પાયલોટે માનવતાની સુવાસ પ્રસરાવતા ઘાયલ થયેલા યુવક પાસેથી રૂપિયા બે લાખ ૧૬ હજાર મળી આવ્યા હતા તે તમામ રકમ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પોલીસને સોંપીને માનવતા મરી પરવારી નથી તેના દર્શન કરાવ્યા હતા. આજે હળહળા કળિયુગમાં જ્યારે અકસ્માત સ્થળેથી બે-પાંચ હજાર મળે તો કોઈ આપવાની વાત કરતું નથી ત્યારે અહીંયા તો ૧૦૮ના ઈએમટી સતીશ પટેલ અને પાયલોટે રોહિતસિંહ રાઠોડે સવા બે લાખની રકમ પોલીસને સોંપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને પોતાની ફરજમાં પોતે કેટલા ઈમાનદાર છે તેના દર્શન કરાવ્યા હતા.



વાયુ પ્રદુષણ અને અવાજનુ પ્રદુષણ આજકાલ મોટી સમસ્યા બની રહ્યુ છે. નવી ટેકનોલોજી મારફતે આ સમસ્યાનો ઉકેલ મેળવવામાં મહદઅંશે સફળતા મળી છે. બીએસ.૦૬ની પાત્રતા ધરાવતા વાહનોના નવા મોડેલ ધ્વનિ અને વાયુ પ્રદુષણને કાબુમાં રાખે છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ લી. દ્વારા બીએસ.૦૬ નોમ્ર્સ ધરાવતી બસોની કરીદી કરવામાં આવી રહી છે. આવી ૯૧ બસોનો લોકાર્પણ સમારોહ એસ.ટી. ડેપો ખાતે યોજવામાં આવ્યો હતો.

### બ્રહ્મ સમાજનાં મુખ્ય સંગઠક ડો. અશ્વિન ત્રિવેદીનાં ફરસુ દિક્ષાના વિચારને ગુજરાતભરમાં બહોળો પ્રતિસાદ

ગાંધીનગર, તા.૨૦
શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ, રાજ્યકક્ષાનાં મુખ્ય સંગઠક ડૉ. અશ્વિન ત્રિવેદી, એડવોકેટ, સંસ્થાનાં ટ્રસ્ટી ડૉ. યજ્ઞેશ દવે સમક્ષ ગુજરાતનાં ૧૧ થી ૪૦ વર્ષના યુવાનોને શસ્ત્ર સાથે શાસ્ત્ર દિક્ષા ફરશુ દિક્ષાનો વિચાર મુકતા ડૉ. યજ્ઞેશ દવેએઆ વિચારને સહર્ષ વધાવી લઈ સમાજ નિર્માણથી રાષ્ટ્રનિર્માણનાં સૂત્રને સાર્થક કરતા ઘેર-ઘેર શસ્ત્ર સાથે શાસ્ત્ર યુવાનો ધારણ કરી હિન્દુ સંસ્કૃતિ અને સંસ્કાર તથા ધર્મનું રક્ષણ કરવાની જવાબદારી ઉપાડી લે અને ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવા કટીબધ્ધ બને તેવા ઉમદા હેતુથી ગાંધીનગરનાં પ્રમુખ સુનીલ ત્રિવેદી દ્વારા શરૂ કરવામાં આવેલ

# જાપાન-ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ફોર મેન્યુફેક્ચરિંગના પ્રથમ શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦
ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ (આઈએસ), ગાંધીનગર ખાતે સ્થિત જાપાન-ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ફોર મેન્યુફેકચરીંગ (જિમ)એ તેના પ્રથમ શૈક્ષણિક માટે પ્રવેશ કાર્યવાહી શરૂ કરી છે. ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ, મેન્ટેનન્સ અથવા સર્વિસમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા ઉમેદવારો આ તકનો લાભ લઈ શકે છે. iACE ખાતે JIMના ચાર અભ્યાસક્રમો ચાલે છે જેમાં ફિટર, ઈલેક્ટ્રિશિયન, મિકેનિક મોટર વ્હીકલ (MMV), અને પેઈન્ટર જનરલનો સમાવેશ થાય છે. તમામ અભ્યાસક્રમો નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT) દ્વારા અને જાપાનની મિનિસ્ટ્રી ઓફ ઈકોનોમી, ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (METI) દ્વારા માન્યતા પ્રાપ્ત છે. લાયકાત ધરાવતા અને યોગ્યતા સાથે પ્રશિક્ષિત પ્રશિક્ષકો દ્વારા અભ્યાસક્રમોનું શિક્ષણ આપવામાં આવશે. આ ઉપરાંત, JIM ઓટોમોબાઈલ ઉદ્યોગના વેપાર નિષ્ણાતો સાથે સમયાંતરે તાલીમ સત્રોનું આયોજન કરશે. આ સંસ્થા ડ્યુઅલ સિસ્ટમ ઓફ ટ્રેનિંગ (DST)ને અનુસરશે, જ્યાં દર વર્ષે વિદ્યાર્થીઓ સંસ્થામાં ૫ મહિના માટે સૈદ્ધાંતિક તાલીમ મેળવશે અને ત્યારબાદ સુઝુકી મોટર ગુજરાત (SMG) અને અન્ય ઉદ્યોગ ભાગીદારો પર ફરજિયાત સાત મહિનાની ઓન ધ જોબ ટ્રેનીંગ લેશે. વિદ્યાર્થીઓ તેમની ૭ મહિનાની ઓન ધ જોબ ટ્રેનીંગ માં સ્ટાઈપેન્ડ પણ મેળવશે. અત્રે ઉલ્લેખનીય છે કે મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડે આ સુવિધા સ્થાપવા માટે લગભગ ૧.૭૩ કરોડ રૂ. નું રોકાણ કર્યું છે. ગુજરાતમાં કંપની દ્વારા આ બીજી જિમ છે, પ્રથમ ગણપત યુનિવર્સિટી, મહેસાણામાં સ્થાપવામાં આવી હતી. મારુતિ સુઝુકી ભારતમાં કુલ ત્રણ "જિમ" સંચાલન કરે છે - બે ગુજરાતમાં અને એક હરિયાણામાં. આ સંસ્થાઓ દ્વારા, મારુતિ સુઝુકીનો ઉદ્દેશ્ય યુવાનોને ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે સંબંધિત વેપારમાં ટેકનિકલ પ્રશિક્ષણ મેળવવા અને તેમને રોજગાર માટે સક્ષમ બનાવવાનો છે. અત્યાર સુધીમાં ૧૪૫૦થી વધુ વિદ્યાર્થીઓને આ "જિમ"માં તાલીમ આપવામાં આવી છે. જે પૈકી ૮૪% વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ મેળવ્યું છે, જ્યારે બાકીના વિદ્યાર્થીઓએ તો ઉચ્ચ અભ્યાસનો વિકલ્પ પસંદ કર્યો છે અથવા તો ઉદ્યોગસાહસિક બન્યા છે.

# દિવાળીના તહેવારો નિમિત્તે શ્રમજીવી પરિવારોને વલાદ વિકાસ યુવક મંડળ દ્વારા મીઠાઇ અને નાસ્તા વિતરણ



ગાંધીનગર, તા.૨૦
દિવાળી આવતા જ દરેક લોકો ઘરમાં મીઠાઈ તેમજ નાસ્તા લાવતા હોય છે. શ્રમજીવી પરિવારો રોજગારી ની શોધ માં અહીં અલગ અલગ વિસ્તારોમાં વસતા હોય છે. આવા પરિવારોને મદદરૂપ થવા માટે વલાદ વિકાસ યુવક મંડળ સંસ્થા એ ૪૦૦ લોકો ને મીઠાઈ અને નાસ્તા નું વિતરણ કર્યું હતું.આ લોકો ના બાળકો ને આ મીઠાઈ નાસ્તો મલ્યા બાદ ખુશખુશાલ થઈ ગયા હતા.વલાદ વિકાસ યુવક મંડળ ના સભ્યો એ ૮ ટીમો બનાવી આ વિતરણ વ્યવસ્થા કરી હતી.

# રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક વિતરણ કાર્યક્રમમાં ૮૫ ઉમેદવારોને પારિતોષિક



ગાંધીનગર, તા.૨૦
ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડો.નિમાબેન આચાર્યએ જણાવ્યું છે કે, દિવ્યાંગજનો સમાજમાં ગર્વભેર જીવન જીવી શકે તે માટે આપણે સૌએ સહિયારા પ્રયાસો કરવા જોઈએ. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકલાંગ વ્યક્તિઓને દિવ્યાંગ એવું નામ આપવાથી તેમને માન સન્માન અને સમાજમાં મોભો મળ્યો છે. સમાજની તેમની તરફ જોવાની દ્રષ્ટિ પણ આજે બદલાઈ છે. આજે તેઓ દિવ્યાંગ હોવા છતાં પણ સ્વરોજગાર મેળવતા થયા છે. તેઓ આત્મનિર્ભર બની પોતાનું ગુજરાન ચલાવવા માટે સક્ષમ બન્યા છે અને સમાજમાં પોતાની પ્રતિષ્ઠા પણ મેળવી રહ્યા છે, એવા તમામ લોકોને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. આજે ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આયોજિત રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક વિતરણ સમારોહમાં ડો.નીમાબેન આચાર્યે પારિતોષિક વિતરણ કરતા ઉમેર્યુ હતું કે સેવા એ જ સાચો ધર્મ છે અને તેમાં પણ ખાસ કરીને દિવ્યાંગો અને અબોલ પશુઓની સેવા કરવી તે ઉત્તમમાં ઉત્તમ માનવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી હંમેશા વંચિતો માટે સતત કામ કરી રહ્યા છે. તેમના દિલો દિમાગમાં હંમેશા સેવાનો ધોધ વહેતો હોય છે. પહેલા પણ દિવ્યાંગો માટે વિવિધ યોજનાઓ અમલમાં હતી પરંતુ લાભાર્થીઓ સુધી તેનો લાભ નહોતો પહોંચતો. પરંતુ છેલ્લા ૩૦ વર્ષથી આ વિવિધ યોજનાઓનું અમલીકરણ થયું છે. સરકારે દિવ્યાંગોને તમામ લાભો તેમના સુધી પહોંચે તેની પૂરેપૂરી ખાતરી અપાવી છે. લાભર્થી સુધી લાભ પહોંચે તેવું કાર્ય અધિકારીઓ કરી રહ્યા છે..તેના સંકલનમાં સેવાભાવી સંસ્થાઓનો પણ સિંહફાળો રહ્યો છે. દિવ્યાંગોને આઈડી કાર્ડ આપવાની જે યોજના છે તે શ્રેષ્ઠ યોજના છે. આ આઈડી કાર્ડથી તેઓ કોઈપણ જગ્યાએ દિવ્યાંગ હોવાનું ઓળખપત્ર બતાવતા તેઓ વિવિધ યોજનાઓનો લાભ તેમની સીધો મળતો થયો છે. આ ઉપરાંત દિવ્યાંગોને મેડિકલ સહાય

# ગાંધીનગર કરાટે ચેમ્પિયનશિપમાં ડી એમ સી સ્કૂલે ૧૪ મેડલ જીત્યા




ગાંધીનગર, તા.૨૦
તાજેતરમાં વાડોકાઈ કરાટે -ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ગાંધીનગરમાં વાડો કાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૨ નું આયોજન સેક્ટર ૭ કોમ્યુનટી હોલ ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાંથી ૩૦૦ ચુનંદા ખેલાડીઓએ કુમિતે ઈવેન્ટમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વાડો કાઈ કરાટેના કોચ સાગર રાવળ અને નિકુલ રાઠોડ દ્વારા ડી એમ સી સ્કૂલ ખાતે ચલાવવામાં આવતા કરાટે વર્ગના વિદ્યાર્થીઓએ કુમિતે વિભાગમાં મળીને ચાર ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ્સ મેળવ્યા હતા. આ ઉપરાંત સાત જેટલા ખેલાડીઓ સેમિફાઈનલમાં પહોંચવામાં સફળત રહ્યા હતા.

શાળાના ટ્રસ્ટી શ્રી વિનોદ ભાઈ ચંદેલ , આચાર્ય શ્રીમતિ જાબા બેન , શાળા ના સંયોજક શ્રી કિંજલ બેન જિલ્લાના નિયામક શ્રી ગૌરાંગ રાણા તથા ફેડરેશનના ચીફ ટેકનીકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિજેતા ખેલાડીઓને તથા તેમના કોચ શ્રી સાગર રાવળ ને આ ઝળહળથી સીધી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# જે.એમ.ચૌધરીમાં દિવાળી પર્વની ઉજવણી



ગાંધીનગર, તા.૨૦
જે.એમ.ચૌધરી સાર્વજનિક પૂર્વ પ્રાથમિક વિદ્યાલય ખાતે દિવાળી પર્વનું આયોજન કરવામાં આવી હતી. જેમાં નર્સરી, જુ.કેજી, સિ.કેજીના નાના ભુલકાંઓ સાથે દિવાળીની ઉજવણી કરી હતી. તેમાં બાળકો, શિક્ષિકા બહેનો અને આચાર્યા અંજનાબેન ચૌધરીએ ઉજવણીમાં ભાગ લઈને બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.